## હૃદય-પરિદૃશ્ય :
## ‘એક પ્રશ્ન’

*લહેરાતા તરંગો મારામાં જોઈ*
*ઝંપલાવવા ઇચ્છા કરો છો*
*પણ હું સરોવર નથી;*
*મારામાં શિખરો પર શિખરો જોઈ*
*આરોહણ કરવાનું વિચારો છો*
*પણ હું પર્વત નથી;*
*મારા એક કિનારે નાવ ઝુકાવી*
*સામે પાર જવા ઉત્સુક છો*
*પણ ક્યાં છું હું સમુદ્ર?*
*હળાહળની વેદનાને ઠારવા*
*આવ્યાં હો મારી પાસે*
*પણ ક્યાં છું હું ચંદ્ર?*
*ઉષ્મા માટે સૂર્યથી ઓછું કશુંય*
*ક્યાં ખપે છે તમને?*
*નથી હું સૂર્ય.*
*પગમાં થનગનાટ છે*
*અજાણ્યા પ્રદેશો જોવાનો,*
*નથી હું અડાબીડ વન.*
*પૂછું એક પ્રશ્ન?*
*મારામાં વન, પર્વત, સૂર્ય,*

*સરોવર, ચંદ્ર, સમુદ્ર*
*જોયાં હોય જો કોઈ વાર*
*તો એકાદ વખત,*
*હા, એકાદ વખત*
*બતાવશો મને?*

– *અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ ('કવિતા', ઑગસ્ટ, 1980)*

ચિત્રકારોએ Landscape (ભૂ-દશ્ય) ચીતર્યાં હશે, પણ અહીં કવિએ Heartscape (હૃદય-પરિદશ્ય) ચીતર્યું છે. જર્મન કવિ રિલ્કેએ ઘણી વાર (Innerspace) (આંતર-અવકાશ)ની વાત કરેલી. હૃદય-પરિદશ્ય પણ રિલ્કેનો પ્રિય શબ્દ, અહીં પણ કવિએ Outerspace (બાહ્ય-અવકાશ) અને આંતર-અવકાશ વચ્ચેના સંબંધનું સ્થાપત્ય ઘડ્યું છે. બાહ્ય-અવકાશ કરતાંય આંતર-અવકાશનાં પરિમાણ અનેકઘણાં વધારે. લોકોને ભલે બાહ્ય-વૈભવની જ પડી હોય, પણ કવિને મન તો આંતર-વૈભવ જ અગત્યનો. આંતર-ચેતનાના કેન્દ્રને ઓળખવા-પામવા મથવાનું ને આંતર-જગતમાં જ વિહરવાનું આથી જ તો રિલ્કેએ કહેલું – કવિએ તો અંતર્મુખી બનવું જ રહ્યું. અરે, પોતાના આંતર-અવકાશને ઓળખવા માટેય 'કોઈક'ની જરૂર પડે. અને આપણા જીવનમાં કોઈક એવું મળે જે આપણને આંતર-અવકાશની ઓળખ કરાવી આપે તો ચોર્યાશી લાખ જન્મો સફળ. પ્રેમના અતિભૌતિક તત્ત્વને ઓળખવું એ કંઈ સહેલી વાત નથી. પહેલાં તો સામી વ્યક્તિની મદદથી પોતાના આંતર-અવકાશની ઓળખ કરવી ને સામી વ્યક્તિનેય તેના આંતર-અવકાશની ઓળખ કરાવી આપવી ને એ પછી જ પ્રેમના આંતર-અવકાશની ઓળખ થઈ શકે. આ કાવ્યમાંય જે મથામણ છે તે આંતર-અવકાશને ઓળખવાની.

કાવ્ય, 'લહેરાતા તરંગો મારામાં જોઈ / ઝંપલાવવા ઇચ્છા કરો છો'-થી ઊઘડે છે. કાવ્યના ઉઘાડમાં જ કવિનું સદ્ભાગ્ય પ્રગટ થાય છે કે પોતાની ભીતરમાં લહેરાતા તરંગોયે જોઈ શકે એવું 'કોઈક' કવિને સાંપડ્યું છે. સાગરનું ઊછળતું મોજું જેમ હોડીને સહેજ અધ્ધર ઊંચકે તેમ આપણનેય કાવ્યનો આ ઉઘાડ-ઉપાડ સહેજ અધ્ધર ઊંચકે છે. પણ એ પછી જ 'પણ હું સરોવર નથી' પંક્તિ આપણને કશાક રહસ્યમાં ઊંડે-ઊંડે ધકેલી દે છે અને આપણા મનમાં અનેક પ્રશ્નો જાગે છે – કવિની ભીતરમાં લહેરાતા તરંગો જોઈ શકનારું 'કોઈક' મળ્યું

છે છતાંય કવિ 'પણ હું સરોવર નથી' કહીને શું એવું ઇચ્છતા હશે કે 'કોઈક' પોતાનામાં ન ઝંપલાવે?! કે પછી 'પણ હું સરોવર નથી' એમ કહેવા પાછળ 'સરોવરથીય કંઈક વિશેષ છું' એવું સૂચવવાનો મર્મ છુપાયો હશે? કે પછી આમ કહેવાના કારણના મૂળમાં કશુંક અસહ્ય દર્દ તો નહીં હોય? કે પછી આમ કહેવાના મૂળમાં કશીક હતાશા કે ભીતિ રહેલી હશે? ન જાને!

અને આ પછીની પંક્તિઓમાં એક પછી એક કલ્પનો (ક્યાંય સીધું વિધાન નહીં) આવતાં જાય છે ને જાણે એક પછી એક બારી ઉઘાડતાં જાય છે. ને આપણનેય સાથે સાથે 'એક અવકાશ'માં ગતિ કરાવતાં જાય છે 'શિખરો પર શિખરો જોઈ આરોહણ કરવા વિચારો છો'-માં કોઈ ચિત્રકાર ભૂ-દશ્ય ચીતરતો હોય એવું અનુભવાય, પણ આ પંક્તિનો પહેલો જ શબ્દ જુઓ – 'મારામાં'. 'મારામાં શિખરો પર શિખરો જોઈ...'! આ ઉપરાંત પહેલી પંક્તિમાં પણ 'લહેરાતા તરંગો મારામાં જોઈ...'! આમ શરૂઆતની બેય પંક્તિમાં આવતા 'મારામાં' શબ્દ દ્વારા કવિ આપણને દઢ પ્રતીતિ કરાવી આપે છે કે આ ચિત્રની ગતિ ભૂ-દશ્ય તરફની નથી, પણ હૃદય-પરિદશ્ય તરફની છે. 'પણ હું સરોવર નથી' પંક્તિ દ્વારા કવિ આપણને જે રહસ્યમાં લઈ ગયા છે તે રહસ્ય બીજી પંક્તિમાં 'પણ હું પર્વત નથી' દ્વારા વધારે ગાઢું બને છે. કવિ બીજી પંક્તિમાંય કશું 'ખુલ્લું' કરતા નથી અને કવિના આવા સંયમથી જ કવિતાને નવાં પરિમાણો સુલભ થઈ શકે. પહેલી પંક્તિમાં કવિએ હૃદય-પરિદશ્ય ચીતરવા માટે પીંછીનો એક લસરકો કરેલો. બીજી પંક્તિમાં કવિ બીજો લસરકો કરે છે. પહેલી પંક્તિમાં સરોવરના પાણી જેવો નીલરંગ (અલબત્ત, એના કાળા પડછાયા સાથે) હતો તો બીજી પંક્તિમાં પર્વત જેવો ભૂખરો રંગ છે અને આ ભૂખરા રંગમાં નાયિકાની આંખનો તથા નજરનો રંગ પણ ભળેલો છે. પર્વતનો રંગ ભૂખરો છે, પણ શિખરોનો રંગ તે નાયિકાની આંખ તેમ જ નજરનો રંગ!

'પણ હું સરોવર નથી, પર્વત નથી' કહેવાથી કંઈ વાતનો ઉકેલ આવતો નથી. આમ કહેવા છતાંય નાયિકા તો નાવ ઝુકાવી સામે પાર જવા ઉત્સુક છે જ; અસીમ શ્રદ્ધા સાથે. 'મારા એક કિનારે નાવ ઝુકાવી / સામે પાર જવા ઉત્સુક છો / પણ ક્યાં છું હું સમુદ્ર?' આ પંક્તિમાં કવિ 'પણ હું સરોવર નથી' 'પણ હું પર્વત નથી'ની જેમ અહીં પણ 'પણ હું સમુદ્ર નથી' એમ કહ્યું હોત તો આગલી બે પંક્તિઓના ગઝલીય આકાર સાથે મેળ ખાત. સુરેશ જોષીના

કાવ્ય 'કવિનું વસિયતનામુ'માં પંક્તિના અંતે ગઝલના રદીફની જેમ 'બાકી છે' આવ્યા કરે છે તેમ અહીં 'સરોવર નથી, પર્વત નથી, સમુદ્ર નથી, ચંદ્ર નથી...' એમ થઈ શક્યું હોત, પણ કવિ અહીં 'હું સમુદ્ર નથી' એમ ન કહેતાં કહે છે 'પણ ક્યાં છું હું સમુદ્ર?' આનુંય કારણ છે. જો 'સરોવર નથી', 'પર્વત નથી' એમ સમજાવવાથી જ કામ પતી ગયું હોત તો કશો જ પ્રશ્ન નહોતો, પણ નાયિકા સમજે એમ છે જ નહીં. આથી જ તો કવિ જોરથી ચિત્કાર કરી ઊઠે છે – 'પણ ક્યાં છું હું સમુદ્ર?'

પછીની પંક્તિ છે 'હળાહળની વેદનાને ઠારવા / આવ્યાં હો મારી પાસે...' કોઈક આપણી પાસે હળાહળની વેદનાને ઠારવા આવે એય આપણું સદ્‌ભાગ્ય કહેવાય. પણ અહીં આ સદ્‌ભાગ્યનો આનંદ ન પ્રગટતાં ફરીથી ચિત્કાર ઊઠે છે – 'પણ ક્યાં છું હું ચંદ્ર?' શરૂઆતની બે પંક્તિઓ :

*'પણ હું સરોવર નથી!*
*પણ હું પર્વત નથી'*

એક જ pattern (તરેહ)ની હતી, પણ એ પછી કવિની વ્યાકુળતા વધવાને કારણે પછીની બે પંક્તિઓમાં આ તરેહ બદલાય છે –

*'પણ ક્યાં છું હું સમુદ્ર?*
*પણ ક્યાં છું હું ચંદ્ર?'*

શરૂઆતની તરેહમાં ચાર જ શબ્દો છે અને પછીની તરેહમાં પાંચ શબ્દો છે અને આમ આ એક શબ્દના વધારા દ્વારા સૂચવાય છે કે કવિની વ્યાકુળતા વધી છે અને આ વ્યાકુળતાના કારણે કવિ જે ચિત્કાર કરી ઊઠે છે તે ચિત્કાર પણ જાણે કોઈ પંખીની ચીસની જેમ આપણા કાનના પરદાને આરપાર વીંધીને, આપણા હૃદયમાં ભોંકાય છે. 'ક્યાં છું હું'માં સતત ત્રણેય શબ્દોમાં આવતા અનુસ્વાર આ ચિત્કારને વધારે તીવ્ર બનાવે છે. વળી અનાયાસે આવતો સમુદ્ર-ચંદ્રનો પ્રાસ તથા ગઝલના રદીફ જેવી રૂપરચનાય આસ્વાદ્ય બને છે.

અત્યાર સુધી નાયિકા જે ઇચ્છા વ્યક્ત કરે છે, જે વિચારે છે, જેના માટે ઉત્સુક છે એની વાત હતી; એની એક દૃશ્ય-શ્રાવ્ય તરેહ હતી. નાયિકા શું વિચારે છે એય કવિ જાણી શકે છે! કવિ નાયિકાના આંતરવિશ્વ સાથે કેટલા બધા નિકટ હશે! અને 'ઉષ્મા માટે સૂર્યથી ઓછું કશુંય / ક્યાં ખપે છે તમને!'

પંક્તિ દ્વારા કવિ નાયિકાના આંતરવિશ્વની નિકટ છે એ વાત હવે વધુ સુદઢ બને છે. વળી, આ કાવ્યની રૂપરચનાની તરેહ પણ બદલાય છે. આગળની પંક્તિ 'હળાહળની વેદનાને ઠારવા / આવ્યાં હો મારી પાસે'ની જેમ અહીં 'ઉષ્મા મેળવવા આવ્યાં હો મારી પાસે' એમ પણ લખી શકાયું હોત. આ અગાઉની બધી જ પંક્તિઓનો પ્રથમ અર્ધભાગ જોઈએ તો –

*'લહેરાતા તરંગો મારામાં જોઈ*
*ઝંપલાવવા ઇચ્છા કરો છો'*

*'મારામાં શિખરો પર શિખર જોઈ*
*આરોહણ કરવાનું વિચારો છો'*

*'મારા એક કિનારે નાવ ઝુકાવી*
*સામે પાર જવા ઉત્સુક છો'*

*'હળાહળની વેદનાને ઠારવા*
*આવ્યાં હો મારી પાસે...'*

વગેરે વગેરેમાં ક્યાંય પ્રશ્ન નથી પુછાયો, પણ હવે તો સાપની ફણાની જેમ એક પ્રશ્ન ઊંચકાય છે, અને તે 'ઉષ્મા માટે સૂર્યથી ઓછું કશુંય / ક્યાં ખપે છે તમને?' અહીં સંવેદનાની તીવ્રતા પરાકાષ્ઠાએ પહોંચે છે. વળી, આ પંક્તિ અગાઉની બેય પંક્તિઓના અંતે પ્રશ્ન પૂછાયો છે – 'પણ ક્યાં છું હું સમુદ્ર?' 'પણ ક્યાં છું હું ચંદ્ર?' અને આથી 'ઉષ્મા માટે સૂર્યથી ઓછું કશુંય ક્યાં ખપે છે તમને?' પછીય 'પણ ક્યાં છું હું સૂર્ય?' એવી જ પંક્તિ આવશે એવું કોઈ પણ ભાવકના મનમાં જાગે પણ નહીં. બબ્બે પંક્તિઓની જોડની તરેહ પછી અહીં વળી પાછી તરેહ બદલાય છે; સકારણ બદલાય છે. સાપની ફણાની જેમ ઊંચકાયેલો પેલો પ્રશ્ન કવિને ડંખી જાય છે અને આથી જ તો ચિત્કાર કરવા જેટલાય કવિને 'હોશ' રહેતા નથી. પહેલાં તો કવિ નાયિકાને 'હું સરોવર નથી', 'હું પર્વત નથી' કહી સમજાવે છે; પણ નાયિકા કંઈ સમજે એમ નથી. આથી કવિ 'પણ ક્યાં છું હું સમુદ્ર?' 'ક્યાં છું હું ચંદ્ર?' પંક્તિઓ દ્વારા અત્યંત વ્યાકુળ થઈને ચિત્કારી ઊઠે છે, પણ તેમ છતાંય નાયિકાની શ્રદ્ધા ડગતી નથી. ક્યાંથી ડગે? નાયિકામાં સાવિત્રીની શ્રદ્ધા છે અને આથી જ તો છેવટે કવિ નાયિકા નહીં જ માને એમ ધારીને દીર્ઘ નિસાસો નાખે છે – 'નથી હું સૂર્ય'. આમ,

'પણ ક્યાં છું હું સૂર્ય?' એમ ચિત્કાર નથી કર્યો એનું એક કારણ તે કવિનો હતાશા સાથે સરી પડેલો નિઃશ્વાસ. અને બીજું કારણ તે 'ઉષ્મા માટે સૂર્યથી ઓછું કશુંય ક્યાં ખપે છે તમને?' પંક્તિમાં સાપની ફણાની જેમ ઊંચકાયેલા પ્રશ્નનો અસહ્ય ડંખ અને કશીક ભીતિ.

શરૂઆતની પંક્તિઓ 'પણ હું સરોવર નથી', 'પણ હું પર્વત નથી'માં 'પણ' શબ્દમાં કવિની થોડીક જીદ દેખાય છે, થોડીક સ્વસ્થતા દેખાય. છે, નાયિકા માની જશે એવો સહેજ (સહેજ જ) અણસાર દેખાય છે. એ પછીથી બેય પંક્તિઓ 'પણ ક્યાં છું હું સમુદ્ર?' 'પણ ક્યાં છું હું ચંદ્ર?'માં 'પણ' શબ્દમાં કવિની જીદ વધુ પ્રબળ દેખાય છે, સ્વસ્થતાને બદલે અસ્વસ્થતા દેખાય છે. વળી 'ક્યાં છું હું'ના ચિત્કાર દ્વારા સૂચવાય છે કે નાયિકા માની જશે-ની રહીસહી આશાય કદાચ છેલ્લા પાંદડાંની જેમ ખરી પડી છે. વળી અહીં કવિએ 'પણ હું સૂર્ય નથી' એમ ન લખતાં 'પણ' કાઢી નાખીને માત્ર 'નથી હું સૂર્ય' લખ્યું છે અને આથી જ તો 'પણ' શબ્દમાંની જીદ સુધ્ધાં ઓગળી જાય છે ને આ પંક્તિ સાથે સરી પડેલો ઉષ્ણ દીર્ઘ નિઃશ્વાસ આપણાય હૈયાસોંસરવો આરપાર ઊતરી જાય છે! વળી 'પણ' શબ્દ કાઢી નાખ્યો છે એટલું જ નથી 'હું સૂર્ય નથી'ના બદલે 'નથી હું સૂર્ય' લખ્યું છે. જેથી 'હું'માંનું 'હું-પણું'ય નિઃશેષ થઈને ઓગળી જઈને નિઃશ્વાસમાં ફેરવાઈ જાય છે.

આ કાવ્યમાં કવિનો નાયિકાને સમજાવવાનો પ્રયત્ન છે એવો જ પ્રયત્ન અનિરુદ્ધભાઈના જ એક કાવ્ય 'અવાશે'માંય છે.

*તને ખબર છે?*
*ગઈ કાલે તો અહીં વડોદરા શહેર હતું*
*ને આજે ઊછળે છે કાળાંભમ્મર મોજાં*
*એકાદ વહાણ ભૂલું પડે તો ધ્રુવના તારાને જાળવી લેજે, હોં!*
*ના, ન અવાય મારી પાછળ પાછળ.*

આમ, આ પંક્તિઓમાં કવિ નાયિકાને પોતાની પાછળ પાછળ ન આવવા માટે સમજાવે છે. જ્યારે અહીં 'એક પ્રશ્ન'માં તો કવિ નાયિકાને પોતાનામાં ન ઝંપલાવવા માટે સમજાવે છે, પણ નાયિકા ક્યાંથી માને? નાયિકામાં સાવિત્રીની શ્રદ્ધા છે, કારણ કે નાયિકાએ તો કવિની ભીતરમાં લહેરાતા તરંગો જોયા છે,

શિખરો પર શિખરો જોયાં છે, સમુદ્ર, ચંદ્ર, સૂર્ય... બધું જ જોયું છે, સગી આંખે જોયું છે, નજરોનજર જોયું છે. હાજરાહજૂર જોયું છે અને આથી જ તો, કવિ અત્યંત વ્યાકુળ થઈને આવો નિઃશ્વાસ નાખતો હોવા છતાંય નાયિકાના પગમાં થનગનાટ છે! શેનો થનગનાટ? તો કે' અજાણ્યા પ્રદેશો જોવાનો! અહીં પણ કવિ કશુંય સ્પષ્ટ ન કરીને સંયમપૂર્વક માત્ર 'અજાણ્યા પ્રદેશો' તરફ આંગળી ચીંધીને અર્થની ક્ષિતિજો વિસ્તારે છે. આ 'અજાણ્યો પ્રદેશ' એ જ રિલ્કે જેને આંતર-અવકાશ કહે છે તે! નાયિકાએ કવિની ભીતરમાં સરોવર, પર્વત, સમુદ્ર, ચંદ્ર... તો જોયાં છે, પણ હજીયે 'અજાણ્યા પ્રદેશો' જોવાના બાકી છે અને એ માટે તો મનમાં હરણાંનો થનગનાટ છે. આમ, નાયિકાને સમજાવવાના બધાય પ્રયત્નો નિષ્ફળ જતાં ફરી પાછો નિઃશ્વાસ સરી પડે છે – 'નથી હું અડાબીડ વન!' અને આ નિઃશ્વાસ સાથે કવિનું ભાંગી પડવું આપણા માટેય અસહ્ય થઈ પડે છે. આમેય કવિની વેદનાનાં મૂળ ઘણાં ઊંડા છે અને આ વેદના પ્રેમનીય છે અને મરણનીય છે. જેમ 'પ્રેમ' અને 'વેદના' પાંખ અને પીંછાં જેટલાં જ નિકટ છે તેમ મરણ પણ પ્રેમ, વેદના ને જીવનના તાંતણાઓ સાથે ઓતપ્રોત વણાયેલું છે અને વેદનાનાં મૂળ કેટલાં ઊંડાં છે એની પ્રતીતિ આપણને પહેલી પંક્તિથી જ મળે છે 'પણ હું સરોવર નથી' અને એ પછીય આ 'નથી', 'નથી'-ના આખાય કાવ્યમાં કેટકેટલા પડઘા પડે છે?!

આ કાવ્યની આકૃતિ જોઈએ તો – એકસરખી તરેહની બબ્બે પંક્તિઓ આવે છે.

શરૂઆતમાં,

*પણ હું સરોવર નથી*
*પણ હું પર્વત નથી.*

એ પછી,

*પણ ક્યાં છું હું સમુદ્ર?*
*પણ ક્યાં છું હું ચંદ્ર?*

અને એ પછી;

*નથી હું સૂર્ય*
*નથી હું અડાબીડ વન.*

આમ, આ એકસરખી તરાહની બબ્બે પંક્તિઓની જોડ પણ પ્રેમના આકાશમાં (અથવા તો વેદનાના આકાશમાં) ઊડતી સારસની જોડ જેવી જ છે! અને આ બધીય પંક્તિઓની હારમાળા ઊડતાં સારસની માળા જેવી છે! અને આમ, આ અછાંદસમાંય 'ઊડતાં સારસ'નો લય છે.

આ પછી કવિ અત્યંત નમ્ર બનીને પૂછે છે – 'પૂછું એક પ્રશ્ન?' પ્રશ્ન પૂછતાં પહેલાં આમ પૂછવાની શી જરૂર? જે વ્યક્તિ કવિના આંતર-વિશ્વનેય ઓળખે એને શું અધિકારપૂર્વક સીધો જ પ્રશ્ન ન પૂછી શકાય? પણ નહીં આમ પુછાયું છે તે કવિતાને ઉપકારક છે. કારણ કે એ કવિની મનોદશાને મૂર્ત કરે છે. કવિની મનોદશા વિશે જોઈએ તો – શરૂઆતની બે પંક્તિઓમાં કવિની વેદના અને હતાશા પ્રગટ થાય છે. પછીની બે પંક્તિઓમાં અત્યંત વ્યાકુળતા અને અસ્વસ્થતા પ્રગટ થાય છે. એ પછી 'નથી હું સૂર્ય'માં દીર્ઘ ઉષ્ણ નિઃશ્વાસ પ્રગટ થાય છે અને 'નથી હું અડાબીડ વન' નિઃશ્વાસ પછી તો કવિ સાવ ભાંગી પડે છે. કવિનું આ ભાંગી પડવું આપણા માટેય અસહ્ય થઈ પડે છે અને આમ, આ છિન્નભિન્ન મનોદશાને કારણે જ અધિકારપૂર્વક-મિજાજપૂર્વક સીધો જ પ્રશ્ન નથી પુછાયો પણ અત્યંત ધીમા અવાજે (નાયિકા સિવાય બીજું કોઈ જ ન સાંભળે એટલા ધીમા અવાજે), અત્યંત નમ્રતાપૂર્વક, ગળગળા સાદે પુછાયું છે – પૂછું એક પ્રશ્ન? અને આમ, સીધો જ પ્રશ્ન ન પૂછવાને બદલે 'પૂછું એક પ્રશ્ન' એ પંક્તિ, આ અગાઉ કવિ જે મનોદશામાંથી પસાર થયા છે તે મનોદશાની અનુભૂતિની સચોટતા પુરવાર કરે છે; કવિતા રચાવા માટેની આંતરિક આવશ્યકતા પુરવાર કરે છે.

શરૂઆતમાં જ કહ્યું તેમ આ કાવ્યમાં જે મથામણ છે તે આંતર-અવકાશને ઓળખવાની છે. આંતર-અવકાશને ઓળખવા માટેનો કવિનો તલસાટ અહીં છેલ્લી પંક્તિમાં પ્રગટ થાય છે. પણ કવિને શ્રદ્ધા નથી કે નાયિકા આ આંતર-અવકાશની ઓળખ કરાવી આપશે. કવિને માત્ર આશંકા જ છે કે કદાચ નાયિકા પોતાના આંતરવિશ્વને ઓળખતી હોય અને આથી જ તો;

*મારામાં વન, પર્વત, સૂર્ય,*
*સરોવર, ચંદ્ર, સમુદ્ર*
*જોયાં હોય જો કોઈવાર*
*તો...*

પંક્તિમાં 'જો' અને 'તો' દ્વારા આ આશંકા સૂચવાય છે. વળી, એ પછી;

*તો એકાદ વખત*
*હા, એકાદ વખત*
*બતાવશો મને?*

– માં 'એકાદ વખત'નું પુનરાવર્તન સૂચવે છે કે કવિની આશંકાની ગતિ 'શ્રદ્ધા' તરફની છે અને આથી જ તો કવિ છેલ્લે અત્યંત ઉત્સુક થઈને 'તો એકાદ વખત' પછીય 'હા, એકાદ વખત' એમ બીજી વાર ઉચ્ચારે છે. વળી અહીં 'એકાદ વખત' શબ્દને બે વાર યોજવાનું બીજું કારણ એય છે કે કવિને 'એકાદ વખત' પર વધારે ભાર દેવો છે. કારણ કે એકાદ વખત પણ જો Inner space જોવા મળે તો તો બસ, ચોર્યાસી લાખ જન્મો સફળ.

કવિ કહે છે –

*હું સરોવર નથી, કદાચ* ***મારામાં*** *સરોવર હોય*
*હું પર્વત નથી, કદાચ* ***મારામાં*** *પર્વત હોય*
*હું સૂર્ય નથી, સમુદ્ર નથી, કદાચ* ***મારામાં*** *સૂર્ય, ચંદ્ર, સમુદ્ર... હોય!*

આમ, એક પછી એક પંક્તિઓમાં કવિ 'બાહ્ય-વૈભવ'નો છેદ ઉડાડતા જાય છે ને 'આંતર-વૈભવ'નું મૂલ્ય સ્થાપતા જાય છે. 'બાહ્ય-વૈભવ' તો કે' 'કશુંય નહીં ને 'આંતર-વૈભવ' તો કે' Something (કંઈક, किमपि).

વળી અહીં બીજી મહત્ત્વની વાત એ છે કે કવિને પોતે 'શું નથી' એની જાણ છે, પણ પોતાનામાં 'શું છે' એની જાણ નથી! કવિને 'પોતાનામાં' શું છે એ જોવાય નાયિકાને પૂછવું પડે છે! અનિરુદ્ધભાઈની જ એક પંક્તિ યાદ આવે છે, એમાંય કવિને પોતે શું નથી એની જાણ છે, પણ પોતે કોણ છે એની જાણ નથી! :

*ના, હું અયોધ્યાનો રામ નથી,*
*ગોકુળનો શ્યામ નથી,*
*હું નથી વિદેશી જનક કે નથી મુનિ સનક*
*નથી હું દુર્વાસા કે નથી હું નળ*
*નથી હું યમુનાનું કૃષ્ણોદક*
*કે નથી નરસિંહ મહેતાએ નાહવાનું ઉષ્ણોદક;*
*તો, હું કોણ છું, વિભા?*

આમ કવિને, પોતે શું નથી એની જાણ છે પણ 'હું કોણ છું' એય વિભાને પૂછવું પડે છે! આવી જ રીતે અહીં આ કાવ્યમાંય 'પોતાનાંમાં' શું છે એ જોવાય નાયિકાને પૂછવું પડે છે! આમ, પોતે કોણ છે? પોતાનામાં શું છે? એ જાણવાની અત્યંત ઉત્કંઠા 'અધ્યાત્મ'ના ઊંડાણમાં લઈ જાય છે. વળી પોતે કોણ છે, પોતાનામાં શું છે એ જાણવા કવિ પોતાની જાતને કે ઈશ્વરને નથી પૂછતા પણ નાયિકાને પૂછે છે! આથી સૂચવાય છે કે આ 'અધ્યાત્મ' એ 'પ્રેમનું અધ્યાત્મ' છે અને આમ અહીં Physics (ભૌતિક તત્ત્વ)ની વાત નથી પણ અધિભૌતિક તત્ત્વની વાત છે. અને એ દ્વારા જ 'અધ્યાત્મ' તરફની ગતિનો સંકેત સૂચવાય છે. દાન્તેનું કાવ્ય યાદ આવે છે. એમાં દાન્તેનો હાથ સંત બર્નાર્ડને સોંપનાર તો બીએટ્રીસ જ ને!

(હવે મારી અંગત રુચિની વાત કરું? કવિએ અહીં હૃદય-પરિદૃશ્ય ચીતર્યું છે. ભીતરમાંનાં સરોવર, પર્વત, સમુદ્ર, ચંદ્ર, સૂર્ય તેમ જ અડાબીડ વન – એટલી વસ્તુઓ મુખ્યત્વે ચીતરવાની છે. હવે ધારો કે આટલી વસ્તુઓ એક જ કૅન્વાસપટ પર ચીતરવાની હોય તો, બાકી બીજી બધી વસ્તુઓ તો ચીતરી શકાય; પણ સરોવર અને સમુદ્ર બંને એકી સાથે ચીતરવાં મને ઠીક લાગતાં નથી. કાં તો સરોવર ચીતરવું, કાં તો સમુદ્ર. વળી આ બંને વસ્તુઓમાં 'પાણી'નું સામ્ય રહ્યું હોવાથી, બંને વસ્તુઓ ચીતરવાથી બિનજરૂરી પુનરાવર્તન થાય અને આથી હું હોઉં તો સરોવરને બદલે સમુદ્ર ચીતરવાનું જ પસંદ કરું અને આથી, 'લહેરાતા તરંગો મારામાં જોઈ / ઝંપલાવવા ઇચ્છા કરો છો...' પંક્તિ કાઢી નાખી 'મારામાં શિખરો પર શિખરો જોઈ...' જેવી અદ્‌ભુત પંક્તિથી જ કાવ્ય શરૂ કરું, પણ ખેર, આ તો થઈ મારી અંગત રુચિની વાત.)

આમ, આ કાવ્યમાં કવિ જાણે કે અવકાશના કૅન્વાસ પર, ભીતરના રંગોથી હૃદય-પરિદૃશ્ય ચીતરે છે ને આ હૃદય-પરિદૃશ્ય જોઈને આપણું હૃદય પણ કહી ઊઠે છે કે નાયિકા કવિને જરૂર એમનામાંનાં 'વન, પર્વત, સૂર્ય, સરોવર, ચંદ્ર, સમુદ્ર...' બતાવશે; આંતર-અવકાશની ઓળખ કરાવી આપશે.

## મૂવિંગ ફ્રેમ ઑફ રેફરન્સમાંથી :
## ‘રાજસ્થાનમાંથી પસાર થતાં –’

*બારી બહાર છૂટી ધસી દૃષ્ટિ.*
*અહો મોકળાશ!*
*...ભાઈ, બેસો જગા છે, ગાડી છે બધાની.*
*હાશ!*
*ગડડ ગડડ! ગડડ ગડડ! ગડે ગાડી.*

*દૃષ્ટિ મારી બારી બ્હાર નાસી છૂટી ધસી.*
*મનડું આ અખૂટ વેરાન બની જાય.*
*સંકલ્પવિકલ્પ બધા છૂટાં ઘેટાં સમા*
*હેઠા શ્વાસે ધરતીનાં હો-ન-હો તે તૃણ*
*ખેંચી કાઢે, ચર્યાં કરે.*

*ઓહો! પેલો દૂર ડોકાયો ડુંગર.*
*ચિત્ત અઢેલીને એને થયું જીવ-ભર.*
*ધારે ધારે ચઢી જઈ ઊંચેરા શિખર પર*
*મંદિર-ધ્વજાએ થરકી રહ્યું ફરફર*
*ફરકી રહ્યું થરથર.*

*...પાણી ઢળ્યું? લઈ લો સામાન ઊંચો.*
*ડળી ગયો કાચો કૂજો!*
*રણમાં પાણીનાં ભલા દર્શન કરાવી ગયો.*
*ગડડ ગડડ! ગડડ ગડડ! ગડે ગાડી.*

*પાણી? પાણી તો અહીં પાતાળકૂવે, અથવા તો*
*ઓ પણે અંકાશે, જ્યાં*
*કાળમીંઢ ખડકોની ભીંતો*
*માથે ગઢ, જાણે*
*ઉગામેલી મુક્કી આ ભેંકાર ધરાએ.*
*પાણીની અચૂક દીપે એ એંધાણી.*

*જો જો પેલા બુરજે*
*સન્ધ્યાની રંગીન ચિતાએ*
*ઝળાંઝળાં ઊભી કો પદ્મિનીઓ*
*ઝાંકી રહી શાશ્વતીના હૈયાની સિંદૂર-જ્વાલા.*

*સન્ધ્યાએ શમી, અંધકાર-રણે*
*ચેતનના રેલા સમી રેલ લંબાયે આ જતી –*
*જાણે પળ પછી પળ*
*ઊંટ ખેંચે હળ :*
*ચાસે ચાસે ધરતી આ પડખું બદલી રહી.*
*આવી રાત, વેરતી મુઠ્ઠી ભરી તારા;*
*પ્રભુની ફસલ, હવે જોઈએ, કેવીક હશે*
*ગડડ ગડડ! ગડડ ગડડ! ગડે ગાડી.*

*અમદાવાદ-દિલ્હી ગાડીમાં, 24-9-1963*

આ કાવ્યનું શીર્ષક વાંચતાં જ આંખ સામે 'moving frame of reference' દેખાય. થાય, કોઈ ચિત્ર કે દશ્ય ક્યાં રહીને જોવું? સામે ઊભા રહીને જોવું? કોઈ ઊંચાઈએથી જોવું? નજીક જઈને જોવું? દૂર જઈને જોવું? અંદર પ્રવેશ કરીને જોવું? બહાર રહીને જોવું? અંદર-બહારની સરહદ પર ઊભા રહીને જોવું? અહીં પણ કવિ રાજસ્થાનમાં 'અંદર' પ્રવેશતા નથી કે 'બહાર' પણ રહેતા નથી. શીર્ષક સૂચવે છે તેમ 'રાજસ્થાનમાં પસાર થતાં –' થકી કવિ આપણને એક 'moving frame of reference'માં રહેલા દેખાય. બહારની આ moving frame of referenceની સાથે કવિ-ચેતનાની ભીતર એક સ્થિર frame of reference ઉદ્‌ભવે – જેમાં રાજસ્થાનના ભૌગોલિક-ઐતિહાસિક-સાંસ્કૃતિક સંદર્ભો ઊપસ્યા કરે ને કવિ-ચેતનામાં સંવેદનો ઘૂંટાયા કરે. આ કાવ્યની પહેલી જ પંક્તિ છે :

*‘બારી બહાર છૂટી ધસી દૃષ્ટિ.’*

આ પંક્તિ વાંચતાં જ થાય કે કવિ કોઈ ગતિ કરતી બારીમાં છે. પછીની પંક્તિ –

*‘અહો મોકળાશ!’*

– થકી બહારનું વેરાન પણ વક્રતાપૂર્વક સૂચવાય છે ને કંઈક અંશે અંદરની ભીડ પણ. પછીની પંક્તિઓમાં બોલચાલના લહેકા-લહેજા સાથે પૅસેન્જરની ઉક્તિઓ –

*‘...ભાઈ, બેસો જગા છે, ગાડી છે બધાની.*
*હાશ!’*

થાય, કવિ ગાડીમાં બેઠેલા છે, ગાડી ગતિ કરી રહી છે. એ થકી કવિ પણ ગતિ કરી રહ્યા છે. ગાડીની ગતિનો ધ્વનિ કવિ-કાને તથા ભાવક-કાને પડ્યા કરે છે –

*‘ગડડ ગડડ! ગડડ ગડડ! ગડે ગાડી.’*

રાજસ્થાનમાં પસાર થતી ગાડીની ગતિને તથા એના ધ્વનિને કવિ વનવેલી દ્વારા જાણે પ્રત્યક્ષ કરે છે! આંખો ટમટમાવતાં, વાતચીત કરતા હોય એવી સહજતાથી ઉમાશંકર વનવેલી પ્રયોજી શકે છે. વનવેલી છંદ જાણે ઉમાશંકરને વર્યો છે. વનવેલી થકી ગાડીની ગતિ તથા ધ્વનિને નિરૂપવા કવિએ માત્ર ‘ગ’ અને ‘ડ’નો જ ઉપયોગ કર્યો છે!

‘ગ’ તથા ‘ડ’નાં આવર્તનોથી જાણે ગાડીનાં ફરતાં પૈડાંય પ્રત્યક્ષ થાય છે – વીડિયો કૅમેરાથી લીધેલા ક્લોઝ-અપની જેમ!

થાય, કવિ ગાડીની બારી – ગતિ કરતી બારીમાંથી બહારનાં દૃશ્યો બતાવશે, ગાડીના ડબાની અંદરનાં ચિત્રોય નિરૂપશે. સાથે કોઈ સ્થળ કે પ્રદેશ વિશેષનાં કાવ્યો માટે સવાલ થાય કે કાવ્યત્વ સિદ્ધ કરવા કવિએ શું શું કરવાનું રહે?! કવિએ જે તે સ્થળ કે પ્રદેશનાં સુંદર ચિત્રો શબ્દ, લય થકી રજૂ કરવાનાં છે? જે તે સ્થળ કે પ્રદેશનો ઇતિહાસ કે સંસ્કૃતિ પણ એની ભૌગોલિક પરિસ્થિતિની સાથે ગૂંથવાના રહે છે? માનવ-જીવનના ધબકાર પણ નિરૂપવાના રહે છે? સ્થળ કે પ્રદેશને કવિ કયા Time તથા Spaceના સંદર્ભથી નિરૂપે છે? કોઈ સ્થળ કે પ્રદેશની સીમાઓની ક્ષિતિજો કવિતા થકી સ્થળ-સમય તથા માનવીય સંવેદના સંદર્ભે કેટલું વિસ્તરે છે? આ ઉપરાંત કવિની ભીતરનો કોઈક અંશ કવિતામાં ઓગળી જઈને ધબકી રહે છે?

આ કાવ્યમાં કવિ 'moving frame of reference'માં રહીને ઘડીક 'બહાર' તો ઘડીક 'અંદર' જુએ છે. તો ઘડીક પોતાની ભીતરની કોઈ frame of referenceમાંથીયે અંદર-બહાર – સ્થળ-સમયની પાર પણ નીરખે છે. તરત આ કવિનું 'માઈલોના માઈલો મારી અંદર–' કાવ્ય યાદ આવે. જેની શરૂઆતની પંક્તિઓ છે –

*'માઈલોના માઈલો મારી અંદર પસાર થાય છે.*
*દોડતી ગાડીમાં હું સ્થિર, અચલ.'*

દોડતી ગાડીમાં કવિ સ્થિર છે, અચલ છે. આથી જ તો કવિની અંદર માઈલોના માઈલો જ નહીં, વિશ્વોનાં વિશ્વો આરપાર પસાર થયા કરે છે. 'રાજસ્થાનમાં પસાર થતાં –' કાવ્ય 24-9-1963ના રોજ અમદાવાદ-દિલ્હી ગાડીમાં રચાયું છે. 'માઇલોના માઇલો મારી અંદર –' કાવ્ય દિલ્હીમાં 1-9-1979ના રોજ રચાયું છે. 'એક ઝાડ' કાવ્યમાં ઉમાશંકર કહે છે : 'હું ચિત્રકાર નથી તેનો અફસોસ મને આટલો કદી ન હતો.' પણ 'માઈલોના માઈલો મારી અંદર –' કાવ્યમાં આ કવિ જાણે શબ્દ-બ્રશના લસરકે-લસરકે કેવાં ચિત્રો આંકે છે!

*'લહેરાતાં*
*ખેતરોનો કંપ અંગ અંગે ફરકી રહે.*
*જાણે હથેલીમાં રમે પેલાં ઘરો,*
*ઝૂંપડીઓ, - આંગણાં ઓકળી-લીંપેલાં,*
*છાપરે ચઢતો વેલો... ત્યાં પાસે કન્યાના ઝભલા પર*
*વેલબુટ્ટો થઈ બેઠેલું પતંગિયું...'*

તો, 'રાજસ્થાનમાં પસાર થતાં...' કાવ્યમાં, ગાડીમાં બેસીને બહારનાં દૃશ્યો જોતાં કવિ-ચિત્ત શું શું અનુભવે છે?

દૂર ડોકાયેલા ડુંગરને અઢેલીને ચિત્ત જીવ-ભર થાય છે ને ડુંગરની ધારે ધારે ચઢી ઊંચેરા શિખર પર જઈ ચઢે છે ને મંદિરની ધજાએ ફરફરી રહે છે! (રાજેન્દ્ર શુક્લની એક ગઝલ 'મને ગિરનાર સંઘરશે'માંય આવે છે – નિરુદ્દેશે મજાનું મન ધજાની જેમ ફરફરશે.')

*મંદિર-ધ્વજાએ થરકી રહ્યું ફરફર*
*ફરકી રહ્યું થરથર.*

'ફ' અને 'થ'ને ઊલટાવીને કવિએ કેવી શબ્દ-કમાલ કરી છે! કવિ-ચિત્ત ડોકાયા ડુંગરની ટોચે મંદિર-ધજાએ ફરફરે – થરથરે ત્યાં તો પૅસેન્જરનો અવાજ કવિચિત્તને ઓચિંતું અંદર આણે છે –

*'...પાણી ઢળ્યું? લઈ લો સામાન ઊંચો.*
*ડળી ગયો કાચો કૂજો!*

જાણે cut to – થઈને કૅમેરા બહારનાં દશ્યો પરથી અંદરના દશ્ય પર ફોકસ થાય છે. કાચો કૂજો ડળી ગયા પછી તરત કવિની વ્યંજનાસભર, irony સભર ઉક્તિ આવે છે –

*'રણમાં પાણીનાં ભલા દર્શન કરાવી ગયો.'*

આ પંક્તિ થકી ભાવક-ચિત્તમાં મૃગજળ ચળકે કે તરત ગાડીનો અવાજ super-impose થાય!

*'ગડડ ગડડ! ગડડ ગડડ! ગડે ગાડી.'*

અહીં કાવ્યનું પ્રથમ ચરણ પૂરું થાય છે ને પછી એક લીટીના અવકાશ પછી બીજું ચરણ શરૂ થાય છે. એક લીટીનો આ અવકાશ જાણે કવિનો તથા ભાવકનેય એક ઊંડો શ્વાસ લેવા માટે છોડાયો ન હોય!

બીજા ચરણમાં પાણી તથા રણ સંદર્ભે કવિ-ચેતનાનાં જળ ખળભળી ઊઠે છે ને રણમાં પાણીનાં દર્શન અંગે કવિનો આક્રોશ આમ ભભૂકી ઊઠે છે –

*'પાણી? પાણી તો અહીં પાતાળકૂવે, અથવા તો*
*ઓ પણે અંકાશે, જ્યાં*
*કાળમીંઢ ખડકોની ભીંતો*
*માથે ગઢ, જાણે*
*ઉગામેલી મુક્કી આ ભેંકાર ધરાએ.*
*પાણીની અચૂક દીપે એ એંધાણી.'*

કેવું વેધક કલ્પન! કવિને ગઢ જાણે ભેંકાર ધરાએ ઉગામેલી મુક્કી જેવો લાગે છે! પછી કવિની નજર બુરજ ભણી જાય છે ને બુરજની પાછળ સંધ્યાના રંગો

ખીલેલા દેખાય છે. સંધ્યાના આ રંગો જોતાં કવિને કોઈ સૌંદર્યબોધ નથી થતો. કારણ? 'સૌંદર્યો પી' કહેનારા આ કવિ રાજસ્થાનમાંથી પસાર થતાં સંધ્યાના રંગો જુએ છે. આથી સંધ્યાના રંગોમાં કવિને પદ્મિનીઓની ચિતાના રંગો દેખાય છે ને કવિ-ચિત્તમાં રાજસ્થાનનો જૌહરી ઇતિહાસ જાગી ઊઠે છે. આથી જ તો કવિને, સંધ્યાની રંગીન ચિતાએ ઝળાંઝળાં ઊભેલી પદ્મિનીઓ શાશ્વતીના હૈયાની સિંદૂર-જ્વાલા ઝાંકી રહેલી જણાય છે.

એ પછી એક ઊંડો શ્વાસ લેવા માટે એક લીટીની સ્પેસ છોડાઈ છે ત્યાર બાદ કવિ ત્રીજું ચરણ માંડે છે ને કવિતાનો વ્યાપ અસીમ ભણી વિસ્તરે છે. આવું રવીન્દ્રનાથનાંય ઘણાં કાવ્યોમાં જોવા મળે છે, જેમાં ત્રીજા ચરણના વ્યાપમાં આખીયે પૃથ્વી ને બ્રહ્માંડ સમાઈ જાય ને કવિતા સ્થળ-સમયની પાર વિસ્તરે. અહીં પણ, સંધ્યા શમે છે એ પછી અંધકારને રણ સાથે જોડીને કવિ ભવ્ય કલ્પનો થકી કવિતાની ત્રિજ્યા સ્થળ-સમયની પાર વિસ્તારે છે :

*'અંધકાર-રણે*
*ચેતનના રેલા સમી રેલ લંબાયે આ જતી -*
*જાણે પળ પછી પળ*
*ઊંટ ખેંચે હળ :*
*ચાસે ચાસે ધરતી આ પડખું બદલી રહી.*
*આવી રાત, વેરતી મુઠ્ઠી ભરી તારા;*
*પ્રભુની ફસલ, હવે જોઈએ, કેવીક હશે.'*

આમ કવિ પ્રભુનેય વક્રતા તથા વ્યંજના થકી લપેટમાં લે છે ને જાણે અંધકાર-રણમાં વાવવા માટે મુઠ્ઠી ભરીને વેરેલા તારલા જેવું મલકી રહે છે ને વિધિની વક્રતા જાણે ઝાંઝવાં જેવું ચમકી રહે છે. આંખ સામે રાજસ્થાનનું રણ નહીં, પણ અંધકાર-રણ વિસ્તરી રહે છે ને કાને ગાડી પસાર થવાનો ધ્વનિ વિ-રમી રહે છે! –

*'ગડડ ગડડ! ગડડ ગડડ! ગડે ગાડી.'*

ઉમાશંકરના આ કાવ્યની સાથે રઘુવીર ચૌધરીનું 'રાજસ્થાન', ગુલામમોહમ્મદ શેખનું 'જેસલમેર' તથા જયન્ત પાઠકનું 'રણ' યાદ આવે છે.